પોલીસ કમિશ્નરની કચેરી, સુરત શહેર.
પોલીસ ભવન, અઠવાલાઇન્સ, સુરત શહેર-૩૯૫૦૦૧
વિશેષ શાખા, કચેરી ટેલીફોન-૦૨૬૧ ૨૨૪૧૧૧૦
કંટ્રોલ રૂમ ફેકસ નં. ૦૨૬૧ ૨૨૪૧૩૦૪
e-mail : special.cp.sur@gmail.com

# -:: જાહેરનામુ ::-

## -: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ :-

**ક્રમાંક : એસ.બી./મહિલા સુરક્ષા/ ૧૨૭ /૨૦૨૪.**

કોઈપણ સમાજ ત્યારે સભ્ય જણાય કે જ્યારે સમાજના તમામ વર્ગ શાંતિ અને નિર્ભયતાથી પોતાનુ જીવન પસાર કરી શકે વિશેષ કરીને મહિલાઓ અને બાળકીઓ પોતાને સુરક્ષિત સમજે અને નિર્ભય થઈને ઘરની બહાર જઈ શકે અને હરી-ફરી શકે તે ખુબ જરૂરી છે.

તેમ છતાં કેટલાક અનીષ્ટ તત્વો સ્કૂલ/કોલેજ જતી છાત્રાઓ તથા પોતાના કામે જતી મહિલાઓ તેમજ એકલી જતી મહિલાઓને અશ્લીલ ચેનચાળા કરીને કે પીછો કરીને કે અશ્લીલ શબ્દોનો ઉચ્ચારણ કરીને અથવા તેમના ઉપર હુમલો કરીને પજવતા હોય છે. અમુક કેસોમા બળાત્કાર જેવા ગંભીર બનાવો પણ બની જાય છે. જેથી આવા બનાવોને અટકાવવા તેમજ મહિલા સુરક્ષા વધારવાના હેતુસર વ્યાજબી કારણ વગર સ્કૂલો/કોલેજો /ટ્યુશન/કલાસ તથા મહિલા હોસ્ટેલ આજુ-બાજુ બેસી રહેતા/ઉભા રહેતા ઈસમો(પુરુષો) ઉપર કેટલાંક નિયંત્રણો મુકવાનુ જરૂરી જણાય છે.

### :: હુ ક મ ::

વાસ્તે, હુ અનુપમ સિંહ ગહલૌત (આઇ.પી.એસ.) પોલીસ કમિશ્નર, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છુ, કે સુરત શહેરમાં સમગ્ર પોલીસ કમિશ્નર વિસ્તારમાં આવેલ સ્કૂલ/કોલેજ/ટ્યુશન કલાસીસ /કોચીંગ ઇન્સ્ટી ટ્યુટ તથા મહિલા હોસ્ટેલની આસપાસના ૫૦ મીટર સુધી જાહેર માર્ગ ઉપર કોઈપણ પુરૂષ/પુરૂષોએ વાજબી કારણ વગર વાહન સાથે અથવા વાહન વગર ઉભા રહેવા કે બેસવા ઉપર મનાઈ ફરમાવવામા આવે છે.

### :: ઉપરોક્ત પ્રતિબંધ નીચે જણાવેલ વ્યક્તિઓ ઉપર લાગુ પડશે નહિ::

(૧) સ્કૂલો/કોલેજો/ટ્યુશન/કલાસ તથા મહિલા હોસ્ટેલ ખાતે આવતા વિદ્યાર્થીઓ
(૨) સ્કૂલો/કોલેજો/ટ્યુશન/કલાસ તથા મહિલા હોસ્ટેલ ઉપર છોડવા તથા આવતા ઓટો તથા વાન, માલિક/ડ્રાઈવરો(જેમની પાસે ઓળખપત્ર હોય તેવા જ)
(૩) સ્કૂલો/કોલેજો/ટ્યુશન/કલાસ તથા મહિલા હોસ્ટેલ ઉપર છોડવા તથા લેવા માટે આવતા વાલીઓ
(૪) સ્કૂલો/કોલેજો/ટ્યુશન/કલાસ તથા મહિલા હોસ્ટેલ ઉપર વાજબી કામથી આવતા વિદ્યાર્થી તથા વાલીઓ

### :: અમલવારીનો પિરિયડ અને વિસ્તાર ::

આ હુકમનો અમલ <u>તા.૦૨/૦૭/૨૦૨૪ ના ક.૦૦-૦૦ થી તા.૩૦/૦૮/૨૦૨૪ ના ક.૨૪-૦૦</u> સુધી સુરત શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં રહેશે.

### :: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઇન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર

ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

**:: જાહેર વિજ્ઞપ્તિ ::**

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોય આથી હું એકતરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાને જાણ સારૂં સ્થાનિક વર્તમાન પત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશનર, નાયબ પોલીસ કમિશ્નરની કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે, તેમજ સહેલાઇથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એક્ટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમનો જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજરોજ તા. ૦૧/૦૭/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કા કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર એસ. બી. સુરત શહેર

(અનુપમ સિંહ ગહલૌત)
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

પ્રતિ,
(૧) ખાસ પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧ સુરત શહેર
(૨) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી ટ્રાફિક તથા ક્રાઇમ,સેક્ટર-૨ સુરત શહેર
(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ,સુરત શહેર.
(૪) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીતમામ, સુરત શહેર.
(૫) તમામ પો.સ્ટે./શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર
(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૬) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર (તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી).

<u>સવિનય નકલ રવાના</u> :-
(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, રાજકોટ શહેર અને વડોદરા શહેર.
(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી સુરત રેન્જ, સુરત.
(૬) કલેકટરશ્રી, સુરત શહેર.
(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર
(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત
(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.
(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.
(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.
(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.
(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત .
(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.
(૧૭) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ જજ કોર્ટ, સુરત.
(૧૮) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર.( નાનપુરા બહુમાળી સુરત )
(૧૯) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. ( જીલ્લા સેવા સદન અઠવાલાઇન્સ સુરત )
(૨૦) સંયુકત માહીતી નિયામકશ્રી, સુરત ( સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ.)